પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 20-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : FRIDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

****

1) દાહોદ જિલ્લાના પ્રવાસના ત્રીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઠક્કરબાપા સરોવરની વિવિધ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું - માછીમારો અને બાળકો સાથે સંવાદ કર્યો.

2) રાજ્યભરમાં આગામી પહેલી ડિસેમ્બરથી કેફી પદાર્થ વિરુદ્ધ રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરાશે.

3) રાજ્ય પોલીસમાં વર્ગ ત્રણની ત્રણ હજાર જગ્યાઓ પર ભરતીની જાહેરાત - ઉમેદવારો 26 તારીખથી ઑનલાઈન અરજી કરી શકશે.

4) જુનાગઢમાં ગિરનાર પર્વત ફરતે લીલી પરિક્રમાનો આજથી પ્રારંભ.

5) અમદાવાદમાં આયોજિત અખિલ ભારતીય પોલીસ બૅડમિન્ટન સ્પર્ધામાં પહેલા દિવસે ગુજરાતની મહિલા ટીમનું ઉત્કૃષ્ટ પ્રદર્શન.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

CM PATEL DAHOD VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના પ્રવાસના ત્રીજા દિવસે ગરબાડાના પાટા ડુંગરી સ્થિત ઠક્કરબાપા સરોવરની મુલાકાત લીધી. તેમણે સરોવરની જળસંગ્રહ ક્ષમતા અને વિતરણ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું. શ્રી પટેલે માછીમારો સાથે સંવાદ કરી તેમના કામ, વ્યવસાય, બાળકોના શિક્ષણ, રોજગારી, આવક અને વેપાર સંબંધિત બાબતો અંગે ચર્ચા કરી. ઉપરાંત શ્રી પટેલે ચાંદાવાડા ગામના ભાભોર ફળિયામાં ગ્રામજનો અને બાળકો સાથે સંવાદ કર્યો. મુખ્યમંત્રીએ દાહોદના પૌરાણિક બાવકા શિવમંદિર ખાતે દેવાધિદેવ મહાદેવની પૂજા અને દર્શન કર્યા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના પ્રવાસના અનુભવ અંગે વધુ માહિતી આપી.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

बेसिक जो नीड है पानी है, लाइट है, रोड रास्ते हैं, वह सब उनके वहां तक पहुंच गए। अब जैसे विकास बढ़ता जाएगा सुविधाएं बढ़ती जाएंगी। लेकिन एक स्वभाव मैंने देखा सबका बहुत ही शांत प्रकृति है और कोई भी परिस्थिति है गरीब परिस्थिति है, मध्यम है या पैसे वाले, सबके मुंह पर एक प्रफुल्लता एक आनंदित चेहरा और संतोष के साथ यह लोग आगे बढ़ते हैं।

GUJARAT MOTOR VEHICLE

રાજ્યમાં હવે કોઈ પણ પ્રકારના ખાનગી વાહનો પર જાતિસૂચક શબ્દો લખી શકાશે નહીં. સત્તાવાર યાદી મુજબ, ખાનગી વાહનો પર જાતિ દર્શાવતા શબ્દ લખીને કે ચિહ્ન પ્રદર્શિત કરીને જાતિગત ઓળખને પ્રદર્શિત કરવાની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવા સરકાર દ્વારા આ નિર્ણય કરાયો. સરકારે આ માટે ગુજરાત મોટર વાહન નિયમ 1989માં સુધારા કરીને આ અંગે સ્પષ્ટ જોગવાઈ કરી છે.

DRUGS AGAINST CAMPAIGN

રાજ્યભરમાં આગામી પહેલી ડિસેમ્બરથી કેફી પદાર્થ વિરુદ્ધ રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરાશે. ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજ્યના તમામ જિલ્લા પોલીસ વડા, ડીસીપી અને પોલીસ અધિકારીઓ સાથેની બેઠકમાં આ માટેની કાર્ય યોજના તૈયાર કરવામાં આવી. કેફી પદાર્થ અંગે માહિતી આપવા ટોલફ્રી નંબર પણ શરૂ કરાશે. સાથે જ દરેક પોલીસમથકમાં કેફી પદાર્થ પકડવા વિશેષ ટુકડી બનાવાશે. તેમજ કેફી પદાર્થની હેરાફેરી કરતા લોકો અને નેટવર્ક સામે કાયદાકીય કાર્યવાહી તેજ કરાશે, તેમ શ્રી સંઘવીએ જણાવ્યું.

(BYTE : HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

પહેલી ડિસેમ્બરે જે ડ્રગ્સ ફ્રી ટોલ નંબર આખા ગુજરાતના ચારેય દિશાથી સામાન્ય નાગરિક સીધે સીધો ત્યાં માહિતી આપી શકે અને કોઈ બી માહિતી લીક ના થાય તે માટેની ટોટલ 360 ડિગ્રી એના સોફ્ટવેર જોડેની તૈયારીઓ એ NCB જોડે કરવામાં આવી રહી છે. કોલેજો, હોસ્ટેલો અને તમામ યુનિવર્સિટીઝની અલગ અલગ પ્રિમાઈસીસમાં એક કમિટી સ્ટુડન્ટોની, ટીચરોની અને લોકલ પોલીસ સ્ટેશનની બનાવવાનો બી નિર્ણય લેવામાં આવ્યો છે. એ લોકો દ્વારા નિરંતર આની બેઠક દરમિયાન જે માહિતીઓ આવશે એની ઉપર પોલીસની કામગીરી કરવામાં આવશે.

VGGS GUWAHATI ROAD SHOW

ગાંધીનગરમાં જાન્યુઆરીમાં યોજાનારા વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન માટે આસામના ગુવાહાટીમાં રોડ-શૉ યોજાયો, જેમાં સેમિકન્ડક્ટર, ગ્રીન એનર્જી અને ઑઈલ તથા ગેસ ક્ષેત્રની તક પર ભાર અપાયો. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ સહિતના ગુજરાતના પ્રતિનિધિમંડળે આસામના ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે વિવિધ બેઠક યોજી હતી. આ પ્રસંગે સભાને સંબોધતા શ્રી પટેલે કહ્યું, કેવી રીતે દૂરંદેશી નેતૃત્વ, ઉદ્યોગસાહસિક ભાવના અને સ્થિર ઔદ્યોગિક નીતિઓ એકસાથે અભૂતપૂર્વ વિકાસનો માર્ગ મોકળો કરી શકે છે તેનું શક્તિશાળી ઉદાહરણ ગુજરાતે પૂરું પાડ્યું છે.

(BYTE: NARESH PATEL, TRIBAL DEVELOPMENT MINISTER)

हमने एक ऐसा औद्योगिक वातावरण विकसित किया है जहां विश्वस्तरीय इकोसिस्टम, वर्ल्ड क्लास इन्फ्रास्ट्रक्चर, एफिशिएंट गवर्नेंस, इंडस्ट्रियल कॉम्पिटिटिवनेस और एक साथ मिलकर विकास को गति प्रदान करते हैं। आज गुजरात में अनेक महत्वपूर्ण परियोजना और औद्योगिक उपलब्धियां स्थापित हे

અગાઉ આદિજાતિ વિકાસ મંત્રીએ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા સાથે મુલાકાત કરી તેમને વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલનમાં ભાગ લેવા ઔપચારિક આમંત્રણ આપ્યું હતું.

POLICE BHARATI JAHERAT

રાજ્ય પોલીસમાં સીધી ભરતીથી વર્ગ ત્રણની ત્રણ હજાર જગ્યાઓ પર ભરતી કરાશે. તે મુજબ, લોકરક્ષક કેડરમાં બિનહથિયારી પોલીસ કૉન્સ્ટેબલની એક હજાર, હથિયારી પોલીસ કૉન્સ્ટેબલની એક હજાર અને હથિયારી પોલીસ કૉન્સ્ટેબલની 841 જગ્યા ભરવામાં આવશે. જ્યારે ટૅકનિકલ કેડરમાં હેડ કૉન્સ્ટેબલ ડ્રાયવર મિકેનિક ગ્રેડ 2-ની 133 લોકોની ભરતી કરાશે. તો, મોટર ટ્રાન્સ્પોર્ટ સુપરવાઈઝર ગ્રેડ 2–ની 26 જગ્યા પર ભરતી થશે. ઉમેદવારો આગામી 26 નવેમ્બરથી બપોરે બે વાગ્યાથી ઑજસની વેબસાઈટ પરથી આ ભરતી માટેની ઑનલાઈન અરજીઓ ભરી શકશે, તેમ ગુજરાત પોલીસ ભરતી બૉર્ડની યાદીમાં જણાવાયું.

HOME STAY LIMITATION

રાજ્યના પ્રવાસન ક્ષેત્રે સ્વરોજગારને વેગ આપવા અને "વેપાર-ધંધા કરવામાં સરળતા"ના સંકલ્પને સાકાર કરવાના હેતુથી પ્રવાસન વિભાગ દ્વારા હોમસ્ટે નીતિમાં મહત્વપૂર્ણ સુધારાઓ અમલી બનાવાયા. તે મુજબ હોમસ્ટેમાં મંજૂર રૂમોની મહત્તમ મર્યાદા 6થી વધારીને 9 કરવામાં આવી. વહીવટી પ્રક્રિયાઓનું સરળીકરણ કરતાં હવે હોમસ્ટે પરિસરમાં માલિકનું પ્રત્યક્ષ રહેવું ફરજિયાત નથી અને તેના સંચાલન માટે અધિકૃત મેનેજરની નિમણૂક કરવાની પણ છૂટ અપાઈ છે.

ઉપરાંત, નોંધણી સમયે પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ રજૂ કરવાની અનિવાર્યતા પણ દૂર કરવામાં આવી છે, જોકે પ્રવાસીઓની સુરક્ષાના નિયમો અગાઉની જેમ જ સુનિશ્ચિત રખાયા છે. ઉપરાંત હોમસ્ટેની નોંધણી બે વર્ષ માટે માન્ય રહેશે અને તેનું રિન્યુઅલ હવે ભૌતિક ચકાસણી વિના માત્ર ઓનલાઇન સેલ્ફ-ડિક્લેરેશન (સેલ્ફ-રિન્યુઅલ) દ્વારા કરી શકાશે.

SNR KHATMUHURT

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણાએ આજે મોરબી શાખા નહેર પર નવા સેતુના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે શ્રી મકવાણાએ કહ્યું, આ સેતુ સુરેન્દ્રનગર અને ખમીસણા વચ્ચેના સીધા જોડાણ માટે મહત્વનો સાબિત થશે.

DNG KHATMUHURT

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક વિજય પટેલે ડાંગમાં આહવા તાલુકામાં 16 વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે નાયબ મુખ્યદંડક વિજય પટેલે કહ્યું, ખેતી ક્ષેત્રના વિકાસ માટે ડાંગનું પાણી ડાંગમાં જ રોકવું જરૂરી છે, જેથી જરૂર મુજબ, નાના ચેકડેમ અને વિયર બનાવવાનું આયોજન કરાયું છે. ઉપરાંત તાપી આધારિત પાણી પૂરવઠા યોજના થકી જિલ્લાના દરેક ગામમાં પીવાનું પાણી પહોંચાડવાનું પણ સરકારનું આયોજન હોવાનું તેમણે વધુમાં ઉમેર્યું.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

()

VDR SAFETY CONFERENCE

કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા વડોદરામાં પીએચડી વેપાર અને ઉદ્યોગ મંડળ – PHDCCI દ્વારા આયોજિત સુરક્ષા પરિસદમાં સહભાગી થયા. તેમણે કાર્યસ્થળની સુરક્ષા, આધુનિક ટેક્નોલૉજી અને સલામત ભવિષ્યના નિર્માણ અંગે ઉદ્યોગજગતના નિષ્ણાતો સાથે વિચારવિમર્શ કર્યો. પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી બાવળિયાએ કહ્યું, આગામી દિવસોમાં યુવાનોનું કૌશલ્ય વધારવાની દિશામાં કામ કરવાનું અમારું આયોજન છે.

(BYTE: KUNVARJI BAVALIYA, CABINET MINISTER)

આવતા દિવસોમાં ઉદ્યોગ ક્ષેત્રની અંદર પણ અમે અહીંથી અમારા કૌશલ્ય વિકાસના માધ્યમથી, અમારી KSU યુનિવર્સિટીના માધ્યમથી, અમારા પીએમ સેતુના માધ્યમથી ગુજરાતના યુવાનોને વધારેમાં વધારે સ્કિલ કઈ રીતે આપી શકાય, ટ્રેન કરી શકાય અને વધારે રોજગારી કઈ રીતે આપી શકાય, એનો આખો પ્લાન અત્યારે અમે કરી રહ્યા છીએ અને ચાલી રહ્યું છે.

AMD METRO TRAIN TIME

અમદાવાદ અને ગાંધીનગર બંને કૉરિડોરમાં આવતીકાલે મેટ્રો સેવા રાત્રે સાડા 11 વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આવતીકાલે પંજાબી ગાયક દિલજિત દોસાંઝના લાઈવ કૉન્સર્ટને ધ્યાનમાં રાખી ગુજરાત મેટ્રો રેલ નિગમ દ્વારા આ નિર્ણય કરાયો. તે મુજબ, અમદાવાદમાં મોટેરા સ્ટેડિયમથી APMC તેમજ થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધી મેટ્રો સેવા રાત્રે 11.30 વાગ્યા સુધી કાર્યરત્ રહેશે. જ્યારે ગાંધીનગરમાં મોટેરા સ્ટૅડિયમથી મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડાવાશે. જોકે, લંબાવેલા સમય દરમિયાન મુસાફરોને પ્રવેશ માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો મથક પરથી જ અપાશે.

AMR ACCIDENT

અમરેલીમાં બસ અને બાઈક વચ્ચે અકસ્માત થતા પાંચ લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે, અમરેલી-સાવરકુંડલા રાજ્ય રાજમાર્ગ પર શેત્રુંજી નદીના બ્રિજ પાસે મંદિર નજીક આ દુર્ઘટના સર્જાઈ. દરમિયાન બસચાલક અને બાઈક પર સવાર ચાર લોકોના મોત નીપજ્યા. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત બે લોકોને અમરેલી સિવિલ હૉસ્પિટલ ખસેડાયા. આ મામલે અમરેલી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી.

JND LILI PARIKRAMA

જુનાગઢમાં ગિરનાર પર્વત ફરતે આજથી લીલી પરિક્રમાનો પ્રારંભ થઈ ગયો છે. ગઈકાલ સાંજ પછી જ ભવનાથ તળેટીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા વનવિભાગ દ્વારા આજે સવારે છ વાગ્યાથી પરિક્રમા માટે દરવાજો ખોલી દેવાયો. વહીવટી તંત્રના જણાવ્યા મુજબ, પરંપરા પ્રમાણે આજે રાત્રે 12 વાગ્યે પરિક્રમાના દરવાજા પાસે પાલખીયાત્રા, પૂજન અને શ્રીફળ વધેરીને પરિક્રમાની શરૂઆત કરાશે.

(VC : SANJIV MAHETA)

ગિરિવર ગિરનાર પર્વત ફરતે આજથી લીલી પરિક્રમાનો મંગલ પ્રારંભ થયો છે. કારતક સુદ એકાદશી રાત્રે 12 વાગે શરૂ થતી પરિક્રમા આ વખતે યાત્રાળુઓના અભૂતપૂર્વ ધસારાને ધ્યાનમાં રાખીને આજે વહેલી સવારે 6 વાગે શરૂ કરવામાં આવી હતી. આ પરિક્રમામાં માત્ર ગુજરાત નહીં પરંતુ દેશભરમાંથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં જોડાતા હોય છે. વહીવટી તંત્ર દ્વારા પીવાનું પાણી, આરોગ્ય અને અન્ય આનુષાંગિક વ્યવસ્થાને અંતિમ ઓપ આપવામાં આવ્યો છે ત્યારે ગિરનાર ક્ષેત્રના સાધુ સંતોએ પર્યાવરણ અને પ્રકૃતિનું જતન કરવા, પાણીનો બગાડ ન કરવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા પરિક્રમાર્થીઓને અપીલ કરી છે. સંજીવ મહેતા, જૂનાગઢ.

SOMNATH MELO

જુનાગઢ રેન્જના આઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવની પાવનભૂમિ પર આજથી શરૂ થયેલાં પાંચ દિવસના કાર્તિકી પૂર્ણિમા મેળાનો શુભારંભ કરાવ્યો. ધાર્મિક આસ્થા, લોકસંસ્કૃતિ અને પરંપરાના ત્રિવેણી સંગમ સમાન આ મેળામાં દેશભરમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સહેલાણીઓ આવશે. આ અંગે જુનાગઢના રેન્જ આઈજીએ વધુ માહિતી આપી.

(BYTE: RAJENDRASINH CHUDASAMA, RANGE IG,

JUNAGADH)

જિલ્લા વહીવટી તંત્ર, અમારો પોલીસ વિભાગ લોકોની સેવા સુરક્ષા માટે હોય છે. લોકોને વિનંતી કરીએ આવે, મેળાનો આનંદ ઉઠાવે પણ પોતાની સુરક્ષાનું ધ્યાન રાખે, પોતાના બાળકોનું ધ્યાન રાખે. વહીવટી તંત્ર, ટ્રસ્ટના અધિકારીઓ અને અમારા પોલીસ વિભાગના જવાનો, અધિકારીઓને સહયોગ આપે અને ખૂબ સારા આનંદ ઉલ્લાસના વાતાવરણમાં આ મેળાને ઉજવે.

POLICE BADMINTON COMPETITION

અમદાવાદમાં આયોજિત ત્રીજી અખિલ ભારતીય પોલીસ બૅડમિન્ટન ક્લસ્ટર 2026-27ના પહેલા દિવસે ટેબલટેનિસ અને બૅડમિન્ટનની 136 મેચ રમાઈ. વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે આયોજિત સ્પર્ધામાં બેડમિન્ટનની પુરુષ અને મહિલા ટીમ સ્પર્ધામાં પુરુષોની 68 અને મહિલાઓની 30 સમૂહ મેચ રમાઈ. તેમાં પુરુષ ટીમની સ્પર્ધામાં CISF, મિઝોરમ, દિલ્હી, કેરળ અને ઉત્તરાખંડની ટીમે ચાર-ચાર જીત મેળવી અપરાજિત શરૂઆત કરી હતી. જ્યારે મહિલા ટીમની સ્પર્ધામાં ગુજરાત અને મણિપુરની ટીમે ત્રણ-ત્રણ જીત મેળવી.

ઉપરાંત ટેબલટેનિસમાં પુરુષ ટીમની 20 અને મહિલા ટીમની 18 મેચ રમાઈ. ટેબલ ટેનિસની પુરુષ ટીમ સ્પર્ધામાં ગુપ્તચર સંસ્થા - IBનો કેરળ અને મહારાષ્ટ્ર સામે 3-2થી રોમાંચક વિજય થયો. જ્યારે CRPFએ તમિળનાડુ અને પંજાબ સામે ત્રણ-શૂન્યથી એકતરફી વિજય મેળવ્યો. મહિલા ટીમ સ્પર્ધામાં મિઝોરમ અને BSFની ટીમે પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પોતાની તમામ મેચમાં જીત મેળવી આગેકૂચ કરી હતી.